

**મોડાસામાં વાલ્મિકી સમાજના લગ્નોત્સવમાં ૧૨ નવયુગલોએ પ્રભુતાના પગલાં માંડ્યા**

અરવલ્લી-સાબરકાંઠા વાલ્મિકી સમાજ દ્વારા મોડાસા શહેરના દેવરાજધામ નજીક છઠ્ઠા સમૂહલગ્નોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંને જિલ્લામાંથી ૧૨ નવયુગલોએ પ્રભુતાના પગલાં પાડ્યા હતા. આ નવયુગલોને આશીર્વચન આપવા સંતો, મહંતો, સામાજિક અગ્રણીઓ સહીત સામાજિક કાર્યકર નિલેશભાઈ જોશી અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. સમાજના અગ્રણીઓએ સમાજના યુવાનો અને યુવતીઓ શિક્ષિત બને અને વ્યસનમુક્ત બને તેમાટે હાકલ કરી હતી.

# બિટકોઈન પ્રકરણમાં કોટડિયા સમન્સ છતાંય ગેરહાજર

## કોટડિયા સોમવારના દિવસે ઉપસ્થિત નહી થાય તો હવે વોરંટ જારી કરી તેમની સામે ગુનો દાખલ કરવાની તૈયારી

અમદાવાદ, તા.૫

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનાર બિટકોઈન કૌભાંડમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા પર હવે ગાળિયો કસાયો છે. કિરીટ પાલડિયાની પૂછપરછમાં કોટડિયા વિરૂદ્ધ ચોંકાવનારા ખુલાસા બાદ સીઆઈડી ક્રાઈમે આજે નલિન કોટડિયાને સમન્સ જારી કરી બપોરે ત્રણ વાગ્યે કચેરી ખાતે બોલાવ્યા હતા પરંતુ કોટડિયા હાજર રહ્યા ન હતા. કોટડિયા ગાયબ થઈ ગયા છે, તેમનો કોઈ અત્તોપત્તો નથી અને તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. સીઆઈડી ક્રાઈમના સૂત્રોએ જણાવ્યું હતું કે, હજુ કોટડિયાને સોમવારનું સમન્સ પાઠવવામાં આવશે અને જો સોમવારે પણ તેઓ તપાસનીશ એજન્સી સમક્ષ હાજર નહી થાય તો તેમની વિરૂધ્ધ ગુનો દાખલ કરી વોરંટની બજવણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આમ, સીઆઈડી ક્રાઈમની તપાસ અને વલણ જોતાં આગામી દિવસોમાં બિટકોઈન કૌભાંડમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. બિટકોઈન કૌભાંડમાં થોડા દિવસ પહેલાં જ સોશ્યલ મીડિયા પર વીડિયો વાયરલ કરી પોતાની નિર્દોષતા અને ફરિયાદી શૈલેષ ભટ્ટને ખુલ્લો પાડવાની મોટી વાતો કરનાર ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા હવે કિરીટ પાલડિયાની ધરપકડ બાદ ભૂગર્ભમાં ઉતરી ગયા છે કારણ કે, હવે સીઆઈડી ક્રાઈમનો ગાળિયો તેમની પર કસાઈ ચૂકયો છે. બીજીબાજુ, તેમની પત્ની જણાવ્યું હતુ કે, તેમના પતિ કોટડિયા ગઈકાલ સવારથી જ ક્યાંક ચાલ્યા ગયા છે, અને હજુ સુધી પરત નથી આવ્યા. નોંધનીય વાત તો એ છે કે, કોટડિયા પોતાનો મોબાઈલ ફોન પણ ઘરે જ મૂકીને ક્યાંક જતા રહ્યા છે. પાલડિયાની પૂછપરછમાં બહાર આવેલી વિગતોના આધારે કેસની વધુ તપાસના ભાગરૂપે સીઆઈડી ક્રાઈમે નલિન કોટડિયાને આજનું સમન્સ જારી કર્યું હતું. કોટડિયાને બપોરે ત્રણ વાગ્યે હાજર થવાનું હતુ પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા. જેથી સીઆઈડી ક્રાઈમે હવે વધુ એક તકના ભાગરૂપે કોટડિયાને સોમવારે હાજર થવા સમન્સ જારી કરવાની તજવીજ હાથ ધરી છે. જો કોટડિયા સોમવારે પણ હાજર નહી થાય તો, સીઆઈડી ક્રાઈમ તરફથી નલિન કોટડિયા વિરૂદ્ધ ગુનો દાખલ કરી આ કેસમાં તેમની વિરૂધ્ધ વોરંટ જારી કરી બજવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# મેઘરજના નવી-ઈસરી ગામે હિટ એન્ડ રનની ઘટનામાં યુવાનનું મોત

મેઘરજ, તા. ૫

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના નવી-ઈસરી ગામે હિટ એન્ડ રનની ઘટનામાં બાઈકને અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતા બાઈક સવાર ત્રણે યુવાનો ફંગોળાઈ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા એક યુવાનનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જયારે અન્ય ૨ ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર અર્થે મોડાસા સારવાર આપ્યા બાદ એક યુવાને તાબડતોડ યુવાનને વધુ સારવાર અર્થે અમદવાદ ખસેડાયો હતો. અકસ્માતની ઘટનાની જાણ ઈસરી પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ચિતરીયા (પાલ) ગામનો યુવાન તુલસી હરિશ્ચંદ્ર નિનામા (ઉં.વર્ષ-૨૫) તેની પલ્સર બાઈક પર ભિલોડા



તાલુકાના બોરનાલા ગામના રાહુલ સજ્જનભાઈ ખરાડી અને નવલપુર (કુશ્કી) રમેશ બાલુભાઈ ભગોરા સાથે શુક્રવારે સાંજના સુમારે મેઘરજના નવી-ઈસરી ગામ નજીકથી પસાર થતો હતો ત્યારે પાછળથી અજાણ્યા વાહનચાલકે પાછળથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બાઈક સવાર ત્રણે યુવાનો બાઈક પરથી ફંગોળાઈ રોડ પર પટકાતા માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તુલસી નામના યુવાનનું પ્રાણપંખેરું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જયારે બાઈક પર સવાર રાહુલ અને રમેશ નામના યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ બંને ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાની જાણ ઈસરી પોલીસને થતા અકસ્માતના સ્થળે દોડી આવી મૃતક યુવાનની લાશને પીએમ માટે ખસેડી મૃતક યુવાનના પિતા હરિશ્ચંદ્ર નેમાજી નિનામાની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ચોસાસાનો પ્રારંભ જૂનના ત્રીજા સપ્તાહથી થઈ શકે છે

## ૧૫ મેથી રાજ્યમાં કંટ્રોલ રૂમ શરૂ : તમામ જિલ્લાઓમાં આપત્તિ વ્યવસ્થાપન તંત્રને સજ્જ કરવા કલેકટરોને હુકમ

ગાંધીનગર,તા. ૫

ગુજરાતમાં આગામી ચોમાસા ૨૦૧૮ના અનુમાન અને તેના સંદર્ભમાં આગોતરી તૈયારીઓ માટે મુખ્યસચિવ ડો.જે.એન.સિંગના વડપણ હેઠળ ખૂબ જ મહત્વની પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી. બેઠકમાં હવામાન ખાતાના અધિકારીઓ સહિત સંબંધિત તમામ વિભાગોના અધિકારીઓ અને નિષ્ણાતો હાજર રહ્યા હતા. જેમાં જણાવાયું હતું કે, ગુજરાત રાજયમાં આ વર્ષે જૂનના ત્રીજા સપ્તાહથી ચોમાસાનો પ્રારંભ થવાની શકયતા છે અને તેથી તેને ધ્યાનમાં રાખી અત્યારથી પ્રિ-મોન્સુન પ્લાનની અમલવારીની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવે. આ માટે રાજયભરમાં તા.૧૫મી મેથી કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવશે. તો સાથે સાથે તમામ જિલ્લાઓમાં આપત્તિ વ્યવસ્થાપન તંત્રને સજ્જ કરી દેવા જિલ્લા કલેકટરોને તાકીદ કરવામાં આવી હતી. પ્રિ-મોન્સુનની મળેલી બેઠકમાં હવામાન ખાતાએ રજૂ કરેલા પૂર્વાનુમાન થોડાક ચિંતાજનક છે. સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસાનો ૧૫ જૂનથી પ્રારંભ થતો આવ્યો છે, પરંતુ કેટલાક વર્ષથી એમાં ફેરફાર થયો છે. તેવી જ રીતે આ વર્ષે ચોમાસુ પરંપરાગત શિડ્યુઅલ કરતાં એક સપ્તાહ મોડું શરૂ થાય તેમ છે. હવામાન ખાતાએ સંભાવના વ્યકત કરી છે કે, ગુજરાતમાં આ વખતે જૂનના ત્રીજા સપ્તાહથી ચોમાસાનો પ્રારંભ થશે. બેઠકમાં રાજયના મહેસૂલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતના તમામ વિભાગો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહીવટી તંત્રના તમામ અધિકારીઓને ચોમાસા સંદર્ભે આગોતરી તૈયારી માટે બેઠકમાં હાજર રાખવામાં આવ્યા હતા. બેઠક બાદ અમદાવાદ સ્થિતિ હવામાન ખાતાની કચેરીના ડિરેક્ટર જયંત સરકારે પત્રકારોને જણાવ્યું હતું કે, દેશમાં ચોમાસામાં ૯૭ ટકા વરસાદ રહેવાનો છે, ગુજરાતમાં વરસાદ બાબતે આગામી દિવસોમાં આગાહી થશે. છેલ્લા કેટલાક દિવસથી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ સહિતના ઉત્તર ભારતના રાજ્યોમાં ખોરવાયેલા હવામાન જેવી સ્થિતિ ગુજરાતમાં સર્જાશે ? તેવા પ્રશ્નના જવાબમાં જયંત સરકારે આવી શકયતાઓ નકારી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં આવી શક્યતા નહિવત્ છે. રાજયમાં હજુ એક સપ્તાહ સુધી મધ્ય, ઉત્તર અને સૌરાષ્ટ્રમાં તાપમાન ૪૩ ડિગ્રી સુધી રહેવાની શકયતા પણ તેમણે વ્યકત કરી હતી. બેઠકમાં ચોમાસા દરમિયાન કોઈ કુદરતી આપત્તિ સર્જાય તો તેને પહોંચી વળવા માટે જરૂરી તંત્રને સાબદું કરવા પર ભાર મુકાયો હતો.



# મોડાસાના સબલપુર નજીક જીરૂ ભરેલી ટ્રક પલટી જતા અફડાતફડી

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા સબલપુર ગામ નજીક શનિવારે સવારે હિંમતનગર તરફથી પ્લાસ્ટિકની બેગમાં જીરૂ ભરી મધ્યપ્રદેશના ઈન્દોર જતા ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક ડિવાઈડર તોડી પલટી ખાઈ જતા ભારે અફડાતફડી મચી હતી. ટ્રકમાં ભરેલ જીરૂનો જથ્થો રોડ પર ફેલાતા થોડીવાર માટે ટ્રાફિક જમના દ્રશ્યો જોવા મળ્યા હતા. સદનસીબે ટ્રકચાલક અને ક્લિનરનો આબાદ બચાવ થતા ટ્રક પલટાતા આજુબાજુથી મદદ માટે દોડી આવેલા ગામલોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# અંબાજીના પીઆઈ અને ૩ કોન્સ્ટેબલોની બદલી કરતા પોલીસ બેડામા ખળભળાટ

## બે દિવસ અગાઉ ૨ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા હતા

ગુજરાત અને ભારત દેશ નું લોકપ્રિય શક્તિપીઠ અંબાજી છે અહીં વર્ષે દહાડે કરોડો માઈ ભક્તો આવતા હોય છે અને અંબાજી આવી ધન્યતા અનુભવતા હોય છે , અંબાજી પોલીસ મથક માં યુ ડી જાડેજા ને પીઆઇ નું પ્રમોશન આવતા અંબાજી પોલીસ મથક માં ચંદુજી સોલંકી પીઆઇ તરીકે આવ્યા હતા ત્યારથી અંબાજી પોલીસ મથક સતત વિવાદો મા રહ્યુ હતુ ,બનાસકાંઠા એસપી નીરજ બડગુર્જર એ બે દિવસ પહેલા અંબાજી વિસ્તાર માં દેશી દારૂ ની રેડ કરવાના મામલે કાગળ પણ ન નોંધતા એસપી એ અંબાજી પોલીસ મથક ના અતુલ ચૌધરી અને યોગેશ ઈશ્વરલાલ ને સસ્પેન્ડ કરી માવસરી મોકલતા બનાસકાંઠા પોલીસ માં ભારે ખળભળાટ જોવા મળ્યો હતો. ગુરુવારે રાતે અંબાજી પોલીસ મથક ના ૪ લોકો પર એસપી એ બદલી કરતા પોલીસ બેડા મા આજે સન્નાટો જોવા મળ્યો હતો અને બે દિવસ થી અંબાજી પોલીસ સ્ટેશન સુમસામ ભાસતુ હતુ.

ચંદુજી સોલંકી -પીઆઇ ,અંબાજી પોલીસ સ્ટેશન

જય કરણ ગઢવી -કોન્સ્ટેબલ , અંબાજી પોલીસ સ્ટેશન

રાજેશ ગઢવી -કોન્સ્ટેબલ , અંબાજી પોલીસ સ્ટેશન

પુંજાભાઈ ટ્રાફિકવાળા -કોન્સ્ટેબલ , અંબાજી પોલીસ સ્ટેશન

આ પૈકી ચંદુજી સોલંકી ને શિહોરી સીપીઆઇ તરીકે મુકવામાં આવ્યા હતા અને બીજા ત્રણ કોન્સ્ટેબલ ની પાલનપુર ખાતે બદલી કરાતા લોકો માં ભારે ચકચાર મચી જવા પામી હતી ,આ તમામ લોકો ની બદલી થતા અંબાજી ના લોકો માં ભારે ખુશી જોવા મળી હતી.



**કચ્છના પત્રકારો પરના પોલીસ દમનની તપાસની માંગ**

અરવલ્લી જીલ્લાના પત્રકારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જીલ્લા કલેક્ટર એન. નાગરાજનને આવેદનપત્ર આપી કચ્છના ગાંધીધામમાં દલિત સમાજના ધર્મગુરુ વિરુદ્ધ ટિપ્પણ કેટલાક અસામાજિક તત્વો કરતા દલિત સમાજે રેલી કાઢી આંદોલન કરતા આંદોલન દરમિયાન થયેલ પથ્થરમારાનું કવરેજ કરી રહેલ ખાનગી ચેનલના પત્રકારને બે રહેમીપૂર્વક માર મારી આંદોલનને ડામવામાં નિષ્ફળ નિવડેલી કચ્છ પોલીસ અને પોલીસ વડા હાજરીમાં જ માર મારતા ગુજરાતના પત્રકાર આલમમાં રોષ વાપ્યો છે. આવનાર ભવિષ્યમાં આવા બનાવ ન બને પત્રકારો માટે અલગથી કાયદો બને અને પત્રકારો પર દમન ગુજારનાર જવાબદાર પોલીસકર્મીઓને કડકમાં કડક સજા કરવાની માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને જિલ્લા પ્રેસકબ, પત્રકાર પ્રેસ પરિષદ ગુજરાતના મહેન્દ્ર પટેલ, એકટિવ પ્રેસ એસોસિએશનના પ્રમુખ રાકેશ પટેલ, મંત્રી અતુલ પરમાર અને જીલ્લાના અગ્રણી પત્રકાર નરેન્દ્ર પટેલ સહીત મોટી સંખ્યામાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોએ આવેદનપત્ર આપ્યું હતું.

# મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પુરૂ પાડ્યું છે : પરબતભાઈ પટેલ

પાલનપુર, તા. ૫

ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ ૧૪ એપ્રિલથી હિંમતનગરથી આરંભાયેલા ગ્રામ સ્વરાજ અભિયાનનો આજે વડાલી ખાતે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

વડાલી આટર્સ કોલેજ ખાતે જિલ્લા પ્રભારી અને સિંચાઇ મંત્રી શ્રી પરબતભાઇ પટેલની અધ્યક્ષતામાં આજીવિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાસંગિક ઉદબોધન કરતા મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં રોજગારી આપવા ગુજરાત રાજય અગ્રેસર છે, જેમાં આર્થિક વ્યવસ્થા સુદ્રઢ કરવા સખી મંડળની રચના કરી મહિલાઓને પગભર બનાવવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગ્રામ સ્વરાજ અંતર્ગત સાત અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લાના ૧૫ ગામોને પસંદ કરતા ૩૬૦ પરીવારોને ગેસ કનેકશન અપાયા છે. ૨૦૫ પરીવારોને વીજ કનેકશન, ૧૮૪૦ કુટુંબોને પ્રધાનમંત્રીપ્રધાનમંત્રી જીવન જયોતિ અને જન-ધન યોજના હેઠળ આવરી લેવાયા છે. જયારે ૨૦૮૦ પરીવારોને ઉજાલા યોજનાથી લાભાન્વિત કરાયા છે જયારે ૨૮ કેમ્પ યોજીને બાળકોને મિશન ઈન્દ્રધનુષ દ્વારા રસીકરણ કરાયું હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

## વટહુકમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મજબુત અધિકાર આપવાના દાવા કરે છે. બીજા વટહુકમ મારફતે સરકાર એસસી-એસટી એક્ટને જુના સ્વરૂપમાં લાવવા માટેનો નિર્ણય કરી શકે છે. સુપ્રીમ કોર્ટ દ્વારાવર્તમાન કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા બાદ દેશભરમાં દલિતોનુ આંદોલન થયુ હતુ. આ આંદોલન હિંસક બનતા કેટલાક લોકોના મોત થયા હતા. જેના જુદા જુદા રાજ્યોમાં વ્યાપક હિંસા ભારત બંધ દરમિયાન થઈ હતી. જેમાં ૧૪થી વધારે લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. વિપક્ષ દ્વારા તો સરકારની ટિકા કરવામાં આવી હતી. ભાજપ સરકારના જ કેટલાક દલિત સાંસદો સરકારની સામે રહેલા દેખાયા હતા. હવે વટહુકમ લાવીને સરકાર વિપક્ષના હુમલાનો જવાબ આપવા માટે તૈયાર છે. વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા દલિતોની વચ્ચે પોતાની પક્કડને મજબુત કરવા માટે સરકાર આ યોજના ધરાવે છે. સુત્રોના કહેવા મુજબ મોદી સરકાર ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વર્ષ ૨૦૧૯ને ધ્યાનમાં રાખીને ૧૫ દિવસ સુધી મોટા પાયે અભિયાન ચલાવવા માટે તૈયાર છે. જેમાં મોદી પોતે રેલીઓને સંબોધન કરનાર છે. મોદી સરકાર ખુબ સાવધાનીપૂર્વક આગળ વધવા માટે તૈયાર છે. મોદી ઈચ્છે છે કે ૨૬મી મે પહેલા બંને વટહુકમ પાસ થઈ જાય. જેથી તેઓ સંબોધનમાં આને પોતાની સફળતા તરીકે રજુ કરી શકે. આ ગાળા દરમિયાન કેટલાક મોટા પ્રોજેક્ટ દેશને સમર્પિત કરવાની પણ તૈયારી ચાલી રહી છે. પૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે ત્રિપલ તલાકના મુદ્દા પર વટહુકમના સંદર્ભમાં કહ્યું છે કે અમે આને સંપૂર્ણપણે નામંજુર કરીએ છીએ કારણ કે આ એક અત્યાચારી કાયદો છે. આ વટહુકમ માત્ર પતિ અને પત્નીને અલગ કરે છે. આ સિવાય આ બિલમાં કોઈ નવી જોગવાઈ કરવામાં આવી નથી. તેમણે કહ્યું છે કે ત્રિપલ તલાક વટહુકમ લોકસભામાં પહેલાથી જ પાસ થઈ ચુક્યો છે. રાજ્યસભા આને ફગાવી દેવાની વાત થઈ ચુકી છે. ત્રણ તલાક અને એસસી-એસટી એક્ટને લઈને બે વટહુકમ લાવવાની મોદી સરકારની વ્યૂહરચનાને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી દીધી છે. જાણકાર લોકોનું કહેવું છે કે ત્રિપલ તલાકના મુદ્દા પર વટહુકમ લાવવાની સ્થિતિમાં મોદી સરકાર આને મોટી સિદ્ધિ તરીકે રજુ કરી શકે છે.

## તામિલનાડુમાં...●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

રહેલા એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલનનું કહેવું છે કે સુપ્રિમ કોર્ટમાં સુનાવણીને લઈને રજુઆત કરવામાં આવી રહી છે. કાવેરી મેનેજમેન્ટ બોર્ડ ૧૦ દિવસમાં રચવામાં આવી શકે છે. મોદી અને તેમની ટીમ હાલમાં કર્ણાટક ચૂંટણીને લઈને વ્યસ્ત બનેલી છે. આવી સ્થિતિમાં તમિલનાડુના ખેડૂતો પાણીને લઈને આશાવાદી દેખાઈ રહ્યા નથી. તમિલનાડુના શાસક અન્નાદ્રમુક પાર્ટીના પ્રધાનોનું કહેવું છે કે કેન્દ્ર સરકાર પાણી વહેંચણી વ્યવસ્થાને અમલીકરણના મુદ્દે તેની ફરજ બજાવવામાં નિષ્ફળ રહી છે. ડીએમકે, પીએમકે અને સીપીએમ સહિતના તમામ વિરોધ પક્ષોનું કહેવું છે કે તેઓ જ્યાં સુધી કાવેરી મેનેજમેન્ટ બોર્ડની રચના કરવામાં આવશે નહીં ત્યાં સુધી રાજ્યભરમાં વ્યાપક દેખાવો કરશે. કેન્દ્ર સરકાર તરફથી સુપ્રિમ કોર્ટમાં તર્કદાર દલીલો કરવામાં આવી રહી હોવા છતાં સુપ્રિમ કોર્ટ આક્રમક વલણ ધરાવે છે અને સુપ્રિમ કોર્ટે તાત્કાલિક ધોરણે તમિલનાડુને પાણી આપવા માટે સૂચના આપી દીધી છે.

## તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

તેનો ઉપયોગ ઘઉંના લોટના વિકલ્પ તરીકે પણ થઈ શકે છે.

ગોટલીનું મેન્ગીફેરિનનું ઘટક ડાયાબિટીસને અંકુશમાં રાખે છે.

કેટરીની ગોટલીમાં જોવા મળતું મેન્ગીફેરિન નામનું ઘટક ડાયાબિટીસને અંકુશમાં રાખવાની કામગીરી કરે છે. તેમ જ તેમાંથી આઈસો મેન્ગીફેરિન, ફલેવોનાઈડ્સ જેવા ઘટકો કેન્સર અને મેદસ્વિતા જેવા રોગ સામે પણ રક્ષણ આપવામાં સમર્થ છે. આ અંગેની સમજણ આપતા ડૉ. હરેશ કેહારિયાએ જણાવ્યું હતુ કે આપણા આહારમાં પોલીસેકરાઈડના સ્વરુપમાં સ્ટાર્ચ હોય છે. અ સ્ટાર્ચનું વિઘટન થાય ત્યારે તેમાંથી સુગર અલગ પડે છે. અને તે બલ્ડમાં ભળે છે. આ માટે આંતરડામાં એમિલાઈન નામના પાચન રસો ઝરે છે. તેથી સ્ટાર્ચમાંથી સુગર અલગ પડતી જ નથી. તેથી ડાયાબિટીસ અંકુશમાં રાખે છે. બીજા શબ્દોમાં કહીએ તો બ્લડમાં સુગર ભળતી જ નથી. તેથી ડાયાબિટીસ અંકુશમાં રહે છે.

છાલ સાથે કેરી ખાવાથી પણ ડાયાબિટીશ અંકુશમાં રહે છે.

કેરીની ગોટલીની માફક કેરીની ચાલમાં પણ મેન્ગીફેરીન છે. તેથી પાકી કેરી છાલ સાથે ખાવામાં આવે તો તેનાથી ડાયાબિટિસના દર્દીઓને ફાયદો મળી શકે છે. છાલની સાથે માનવ શરીરના આંતરડામાં જતા ફાઈબર પાચનની પ્રક્રિયાને સરળ બનાવે છે. શરીરમાં જતાં ફાઈબર શરીરમાંની વધારાની સુગર પણ બહાર ખેંચી જાય છે.

... તો કેરી અને ગોટલી બંને ખાઓ અને આરામથી ઉનાળો માળો.

## મેગા ઓપરેશન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચિમકીઓ આપી હતી. પોલીસે ક્યાંક સમજાવી તો ક્યાંક બળપ્રયોગ કરીને વિરોધકર્તાઓને ખસેડ્યા હતા. ત્યારબાદ એક પછી એક ૬૦ મકાનો ઉપર તંત્રનુ જેસીબી ફરી વળ્યુ હતુ. ૬૦ જેટલા મકાનો જમીનદોસ્ત થઈ ગયા તે સમયે હાઈકોર્ટમાં આ મામલો પહોંચેલો હતો. ત્રણેક વાગ્યે હાઈકોર્ટે સોમવાર સુધીનો સ્ટે આપતા આ કામગીરી સમેટી લીજી હતી. હાઈકોર્ટના સોમવાર સુધીના સ્ટેને પગલે તંત્રએ કામગીરી મોકુફ રાખી છે. કલેક્ટર કચેરી મારફતે અગાઉ તમામ ૨૬૪ દબાણકર્તાઓને નોટીસો આપવામાં આવી હોવા છતા કોઈએ મકાન ખાલી કર્યા ન હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ